## નમુનો–એ

| | |
|---|---|
| એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી. | |
| **GJAM030011452024** | ફોજદારી કેસ નંબર:–૭૧૦/૨૦૨૪<br><br>આંક–૩૪<br><br>રજુ તારીખ ૦૧ ૧૦ ૨૦૨૪<br>દાખલ તારીખ ૦૧ ૧૦ ૨૦૨૪<br>ફેસલ તારીખ ૧૬ ૦૩ ૨૦૨૬<br>૦૧ વર્ષ ૦૫ મહીના ૧૫ દિવસ |
| એફ.આઇ.આર નંબર | ધારી પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૧૮૨૪૦૪૧૬/૨૦૨૪,<br>તારીખ:– ૦૩/૦૯/૨૦૨૪ |
| ફરિયાદપક્ષ | ગુજરાત રાજ્ય<br><br>(મુળ ફરિયાદી જયંતિભાઇ કનુભાઇ પાઘડાળ) |
| ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી | બી.કે.ચૌધરી અને એમ.એમ.સકસેના |
| આરોપી પક્ષ | ભુપતભાઇ જગુભાઇ વાળા<br>રહે:– ભરડ, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી |
| આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રીઓ | એસ.એસ.જામ |

# નમુનો–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | :– ૧૭/૦૮/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | :– ૦૩/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– ૦૧/૧૦/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | :– ૨૮/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરુ થયા તારીખ | :– ૨૮/૦૫/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવામાં આવેલી તારીખ | :– ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– ૧૩/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ થયો છે. |
| વિશેષ નોંધ | : |

## આરોપીઓની વિગત

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીનમુક્ત કર્યા તારીખ | તહોમત | નિર્દોષ/ દોષિત | કરવા માં આવેલી સજા | સુનાવણી દરમ્યાન સાંજનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભુપતભાઇ જગુભાઇ વાળા | ૦૩/૦૯/૨૦૨૪ | ૦૪/૦૯/૨૦૨૪ | બી.એન.એસ ની કલમ ૩૦૩ (૨) મુજબનો | નિર્દોષ | – | – |

# નમુનો–સી

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટ સાહેદોની યાદી

(૧) ફરિયાદપક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| ૧ | જયંતિભાઈ કનુભાઈ પાઘડાળ | આંક–૧૯ | ફરિયાદી |
| ૨ | અજય રવજીભાઈ રૂડાણી | આંક–૨૪ | પંચ સાહેદ |
| ૩ | ભાવિકભાઈ નાનજીભાઈ મકવાણા | આંક–૨૬ | પંચ સાહેદ |
| ૪ | રવિભાઈ પ્રવિણભાઈ મકવાણા | આંક–૨૮ | પંચ સાહેદ |
| ૫ | શાર્દુલભાઈ બેચરભાઈ બાંભણીયા | આંક–૨૯ | પંચ સાહેદ |
| ૬ | ભાવિનભાઈ બાલાભાઈ ડાભી | આંક–૩૧ | પંચ સાહેદ |
| ૭ | હનિફભાઈ કાદરભાઈ બ્લોચ | આંક–૩૨ | પંચ સાહેદ |

(૨) બચાવ પક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઈ સાહેદને તપાસવા માંગતા નથી કે આરોપી પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા નથી. | | | |

(૩) અદાલતના સાહેદ : –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઇ નથી | | | |

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટના દસ્તાવેજી પુરાવાઓ ની યાદી

૧) ફરિયાદપક્ષના દાસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ ની ખરી નકલ | આંક–૨૦ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | આંક–૨૫ |
| ૩ | આરોપીનુ અટક પંચનામુ | આંક–૨૭ |
| ૪ | આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર કર્યા અંગેનુ પંચનામુ | આંક–૩૧ |

(૨) બચાવ પક્ષના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઈ દસ્તાવેજ રજુ કર્યા નથી. | |

(૩) અદાલતના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઈ નહી | |

(૪) ભૌતિક પુરાવાઓ: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઇ નહી | |

१)　**ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત: –**

આ કેસ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબના ગુના બદલ આરોપી ભુપતભાઇ જગુભાઇ વાળા રહે:– ભરડ, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે.

આ કેસની ટુંક હકીકત એવી છે કે આ કેસના ફરિયાદી ગત તારીખ ૧૭/૦૮/૨૦૨૪ ના રોજ પોતાનુ મોટર સાઇકલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર નંબર જીજે–૧૪.એ.એફ–૦૮૮૩ લઇને વિસાવદર રોડ પર આવેલા પોતાના ખેતરમા ખાતર નાખવા માટે ગયા હતા. ફરિયાદી ને તેમનુ મોટર સાઇકલ તેમની વાડી ની બહાર રાખ્યુ હતુ. આ દરમ્યાન વરસાદ આવતા ફરિયાદી ગોડાઉન ની અંદર જતા રહ્યા હતા. ત્યારબાદ આશરે સાંજના પોણા પાંચ વાગ્યાના અરસામા ફરિયાદી ઘરે જવા માટે વાડીની બહાર નીકળ્યા હતા ત્યારે તેમનુ મોટર સાઇકલ જોવા મળ્યુ ન હતુ જેથી ફરિયાદી એ તેમના ભાઇ રવજીભાઇ ને ફોન કરી વાત કરી હતી કે મોટર સાઇકલ કોણ લઇ ગયુ હશે. રવજીભાઇ એ તે વિશે ખબર ન હોવાનુ જણાવ્યુ હતુ. ફરિયાદી એ આ બાબતે તેમના મામા ના દીકરા સંજયભાઇ નાગજીભાઇ ને વાત કરતા તે પણ આવી ગયા હતા અને ત્રણેય એ શોધખોળ કરવા છતા મોટરસાઇકલ મળ્યુ ન હતુ જેથી તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ ધારી પોલીસ સ્ટેશનમા બનાવની ફરિયાદ આપી હતી.

૨)　**પોલીસ રૂબરૂની કાર્યવાહી: –**

આ ફરિયાદના આધારે ધારી પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર સેકન્ડ ૧૧૧૯૩૦૧૮૨૪૦૪૧૬/૨૦૨૪, તારીખ ૦૩/૦૯/૨૦૨૪ થી અજાણ્યા ઇસમ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૩૦૩(૨) મુજબનો ગુનો નોંધી ગુનાની તપાસ કરી હતી.

આ ગુનાની  તપાસમાં, હાલના આરોપીને ફરિયાદમા જણાવ્યા મુજબના મોટર સાઇકલ સાથે પકડયો હતો. તેથી તપાસ કરનાર અધિકારીને તેમની તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા આરોપી વિરુદ્ધ ઉપરોક્ત કલમ મુજબના ગુના બદલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૯૩ મુજબનુ  ચાર્જશીટ કર્યુ છે.

૩)	**અદાલત સમક્ષની કાર્યવાહી: –**

આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી) મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સ ની નકલ વિના મુલ્યે પુરી પાડી આંક–૧૬ થી તહોમતનામું ઘડી, આંક–૧૭ વડે આરોપીનુ નિવેદન લીધુ હતુ. જેમાં આરોપીએ ગુનો કર્યો હોવાનો ઈન્કાર કર્યો છે. તેથી આ કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો છે.

૪)	**ફરિયાદપક્ષનો પુરાવો: –**

આ કેસમાં ફરિયાદપક્ષે આ ચુકાદામાં પેજ–૪ અને ૫ ઉપર દર્શાવેલા **નમુના–સી** માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. તે સિવાય અન્ય કોઇ પુરાવા રજુ કર્યા નથી.

૫)	**આરોપીનુ વિશેષ નિવેદન: –**

આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા પછી તે સંદર્ભે ખુલાસો કરવાની તક આપવા જેવો પુરાવો રેકર્ડ પર આવ્યો ન હોવાથી આરોપીનુ વિશેષ નિવેદન નોંધ્યુ નથી.

૬) **<u>મુદ્દાઓ</u>**

અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે આરોપીએ ગત તારીખ ૧૭/૦૮/૨૦૨૪ ના રોજ વિસાવદર રોડ પર આવેલી ફરિયાદીની વાડીની બહાર ફરિયાદી એ પાર્ક કરેલા મોટર સાઇકલ નંબર જીજે–૧૪–એ.એફ–૦૮૮૩ હીરો હોન્ડ સ્પેલેન્ડર ને તે તારીખે કોઇપણ સમયે ચોરી કરી જઇને ભારતીય ન્યાયસંહિતા–૨૦૨૩ ની કલમ– ૩૦૩(૨) મુજબનો ગુનો કર્યો છે?

બ) શું હુકમ છે?

**મુદ્દાઓ પરનો નિર્ણય**

અ) નકારમાં

બ) આખરી હુકમ મુજબ

૭ **મુદ્દાઓ પરનો નિર્ણય**

**ફરિયાદપક્ષનો પુરાવો: –**

ફરિયાદપક્ષે આ કેસની સાબિતી માટે સૌપ્રથમ ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે આ કામનો બનાવ તારીખ ૧૭/૦૮/૨૦૨૪ ના રોજ બન્યો હતો. બનાવના દિવસે ફરિયાદી તેમનુ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાઇકલ નંબર જીજે–૧૪–એ.એફ–૦૮૮૩ લઇને વિસાવદર રોડ પર આવેલી તેમની વાડી એ ગયા હતા અને મોટર સાઇકલ વાડીની બહાર રાખી વાડીમા ખાતર નાખવા માટે ગયા હતા. ફરિયાદી જણાવે છે કે સાંજના પોણા પાંચ વાગ્યે તેઓ ઘરે જવા વાડીની બહાર ઝાપે નીકળ્યા ત્યારે તેમનુ મોટર સાઇકલ જોવા મળ્યુ ન હતુ. જેથી ફરિયાદી તેમના ભાઇ રવજીભાઇને ફોન કરીને પુછ્યુ હતુ કે

તેઓ મોટર સાઇકલ લઇ ગયા છે? તેમણે ના પાડી હતી. ફરિયાદી જણાવે છે કે તેમના ભાઇ રવજીભાઇ અને મામા દીકરા સંજયભાઇ ત્યા આવી ગયા હતા. તેમણે ત્રણેય એ મોટર સાઇકલ ની શોધ કરી હોવા છતા તે મળ્યુ ન હતુ. ફરિયાદી જણાવે છે કે તેમણે તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ ચોરી ની ફરિયાદ આપી હતી. ફરિયાદી ફરિયાદમા તેમની સહી ઓળખી બતાવે છે. ફરિયાદી જણાવે છે કે તેમણે પોતાનુ મોટર સાઇકલ લઇ જતા કોઇ ને જોયા નથી. આમ ફરિયાદીની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી.

ત્યારબાદ ફરિયાદ પક્ષે બનાવવાળી જગ્યાના પંચનામા પંચ સાહેદ અજયભાઇ રવજીભાઇ રૂડાણી અને શાર્દુલભાઇ બેચરભાઇ બાંભણીયા અને ને સાહેદ તરીકે અનુક્રમે આંક–૨૪ અને આંક–૨૯ તપાસ્યા છે. પંચસાહેદ અજયભાઇ રવજીભાઇ રૂડાણી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તેમણે જયંતિભાઇ ની વાડી એ પોલીસના કહેવાથી લખેલા કાગળમા સહી કરી આપી હતી. આ સહી બાઇક ચોરીના સાક્ષી બાબતે હતી. પંચસાહેદ પંચનામાની વિગતો જાણતા ન હોવાનુ જણાવે છે. પંચસાહેદ શાર્દુલભાઇ બેચરભાઇ બાંભણીયા અદાલત સમક્ષની સોંગદ પરની જુબાનીમાં બનાવવાળી જગ્યાના આંક–૨૫ થી રજુ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. પંચસાહેદ જણાવે છે કે તેઓ જયંતિભાઇ ની વાડી એ મોટર કાઢતા હતા તે સમયે પોલીસે લખેલા કાગળમા તેમની સહી કરાવી હતી. આ પંચસાહેદ જણાવે છે કે તેઓ પંચનામાની વિગતો વિશે જાણતા નથી. આમ બનાવ વાળી જગ્યાના પંચનામા ના પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. જો કે આ કામે ફરિયાદીની વાડી એ થી ચોરી થઇ નથી તેવી તકરાર નથી તેથી બનાવવાળી જગ્યાના પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસ ને સમર્થન ન કરે તો પણ તેનાથી ફરિયાદપક્ષના કેસના ગુણદોષ પર અસર થતી નથી.

આ કામે રજુ ચાર્જશીટ મુજબ પોલીસે હાલના આરોપીને ભાયાવદર નર્સરી પાસે બે મોટર સાઇકલ સાથે શંકાસ્પદ હાલતમા પકડયા હતા. તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ કર્યુ હતુ. ફરિયાદપક્ષે તે પંચનામાના પંચ સાહેદ ભાવિનભાઇ બાલાભાઇ ડાભી અને હનીફભાઇ કાદરભાઇ

બ્લોચ ને સાહેદ તરીકે અનુક્રમે આંક–૩૦ અને આંક–૩૨ થી તપાસ્યા છે. આ બંને પંચ સાહેદો અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તેઓ ધારી પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસના કહેવાથી લખેલા કાગળમા તેમની સહી કરી આપી હતી. આ બંને પંચસાહેદો પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમા પંચસાહેદો જણાવે છે કે તેઓ પંચનામાની વિગતો જાણતા નથી. આમ આરોપી પાસેથી મોટર સાઇકલ મળી આવ્યા હોવાના પંચસાહેદો, ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ બંને પંચસાહેદો ને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ બને પંચસાહેદો એ હકીકતનો ઇન્કાર કરે છે કે તેઓ પોલીસના કહેવાથી ભાયાવદર નર્સરી પાસે હાજર થયા હતા અને ત્યા પોલીસે એક ઇસમને બે મોટર સાઇકલ સાથે પકડેલ હોય પંચ સાહેદ ની હાજરીમા તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ ભુપતભાઇ જગુભાઇ વાળા હોવાનુ જણાવ્યુ હતુ અને પોલીસે સદર ઇસમ પાસે થી એક હીરો હોન્ડા કંપનીનુ મોટર સાઇકલ અને એક્ટીવા કબ્જે કર્યુ હતુ. પંચ સાહેદો એ હકીકતનો પણ ઇન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા તે ઇસમ પાસેથી પુરાવા માંગ્યા હતા જે તે ઇસમ પાસે ન હતા તેથી પોલીસે તે અંગેનુ વિગતવારનુ પંચનામુ પંચસાહેદોની હાજરીમા કરી ને તે ઇસમની અટકાયત કરી હતી. આમ હાલના આરોપી પાસેથી ફરિયાદમા જણાવ્યા મુજબનુ મોટર સાઇકલ મળ્યા અંગેના પંચનામાના પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષે આરોપીના અટકપંચનામા પંચ સાહેદ ભાવિકભાઇ નાનજીભાઇ મકવાણા અને રવિભાઇ પ્રવિણભાઇ મકવાણા ને સાહેદ તરીકે અનુક્રમે આંક–૨૬ અને આંક–૨૮ થી તપાસ્યા છે. આ બંને પંચ સાહેદો આરોપીના અટક પંચનામા માં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમા પંચસાહેદો અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ધારી પોલીસ સ્ટેશનમા પોતાના અંગત કામસર ગયા હતા ત્યારે પોલીસના કહેવાથી લખેલ કાગળમા કરી આપી હતી. આ સહી કઇ બાબતની હતી તેની તેમને ખબર નથી. આ પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરિયાદપક્ષના કેસ ને સમર્થન કરતા નથી.

ફરિયાદી એ હકીકતનો ઇન્કાર કરે છે કે તેઓ પોલીસ ના બોલાવાથી ધારી પોલીસ સ્ટેશનમા હાજર થયા હતા ત્યા પોલીસે તેમની હાજરીમાં આરોપી ભુપતભાઇ જગુભાઇ વાળા ને નામઠામ પુછી તેની શરીર સ્થિતિનુ પંચનામુ કરી ચોરી કરેલુ મુદ્દામાલ મોટર સાઇકલ પંચનામાની વિગતે તેમની હાજરીમા કબજે કરેલુ. પંચ સાહેદો એ હકીકતનો પણ ઇન્કાર કરે છે પોલીસે આંક-૨૭ વાળુ પંચનામુ તેમના જોયા અને જાણ્યા મુજબનુ તેમની હાજરીમા કર્યુ હોવા છતા આરોપીને બચાવવા સોગંદ  પર ખોટી જુબાની આપે છે. આમ ફરિયાદપક્ષના કોઇ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [1996 (9) SCC 766]** ના ચુકાદામા પ્રસ્થાપિત કર્યુ છે કે

"when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

આથી ફરિયાદપક્ષે આંક-૩૩ થી પુરાવો પુરો થયા અંગેની પુરશીશ આપી છે. આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઓ પરથી ફરિયાદ મુજબનુ મોટર સાઇકલ આ કામના આરોપી પાસે થી મળી આવ્યુ હોવાનુ અને તે મોટર સાઇકલ હાલના આરોપીએ ફરિયાદમા જણાવ્યા મુજબની વિગતે ચોરી કર્યુ હોવાનુ પુરવાર થતુ નથી.

આ કેસમા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત કરી શકતો નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૬(અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

૮) **હુકમ**

આ કામના આરોપી **ભુપતભાઇ જગુભાઇ વાળા** રહે: – ભરડ, તાલુકો:– ધારી, જીલ્લો: – અમરેલી ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબના ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુક્મ કરવામાં આવે છે.

આ ગુનાના કામે કબ્જે કરવામા આવેલો મુદ્દામાલ અર્થાત ફરિયાદીનુ મોટર સાઇકલ નંબર જીજે–૧૪–એ.એફ.–૦૮૩૩ ફરિયાદીને પરત આપવાનો હુકમ થયો હોવાથી તે હુકમમા ફરમાવેલી શરતો ને રદ્દ ગણી ને બાકીનો હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ હાલમા જ્યુડીશીયલ કસ્ટડીમા હોવાથી અને આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ થયો હોવાથી આરોપીને આ ગુનાના કામે જેલમુકત કરવાનો હુકમ કરવામા આવે છે. તે અંગેની યાદી સંબંધિત જેલરશ્રી ને કરવી. આરોપી એ જેલ મુકત થયા પછી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૬/૦૩/૨૦૨૬

સ્થળ– ધારી

(હર્ષદેવસિંહ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯